# અંગ્રેજી વ્યાકરણ [ ભાગ 7 ] ગુજરાતીમાં

# Continuous Future Tense

## ચાલુ ભવિષ્યકાળનકાર અને પ્રશ્નાર્થક વાક્યો

### ચાલુ ભવિષ્યકાળ

–ભવિષ્યમાં ક્રિયા ચાલી રહી હશે / ભવિષ્યમાં ક્રિયા ચાલી રહી નહિ હોય તેવું દર્શાવવા માટે.

ભવિષ્યમાં કોઈ ક્રીયા ચાલુ કે અપૂર્ણ હશે એ બતાવવા માટે ચાલુ ભવિષ્યકાળ વાપરવામાં આવે છે .

www.shikshansahitya.in

ક્રીયાપદનાં કૃદંતની આગળ **to be** નાં ભવિષ્યકાળનાં **shall be** કે **will be** રૂપો મૂકવાથી ચાલુ ભવિષ્યકાળ થાય છે .

નીચે to walk ક્રીયાપદનાં ચાલુ ભવિષ્યકાળનાં રૂપો આપેલા છે . તે બરાબર યાદ કરો : -

**To walk** ( ટુ વોક ) ચાલવું

### એકવચન - Singular

| | | |
|---|---|---|
| પ્ર. પુરુષ : - | **I shall be walking : -** | હું ચાલતોહોઈશ . |
| બી. પુરુષ : - | **You will be walking:-** | તું ચાલતો હોઈશ |
| ત્રી. પુરુષ : - | **He will be walking :-** | તે ચાલતો( પુરૂષ ) હશે . |
| | **She will be walking :-** | તે ચાલતી( સ્ત્રી ) હશે . |
| | **It will be walking : -** | તે ચાલતું( નાન્યતર ) હશે . |

### બહુવચન - Plural

| | | |
|---|---|---|
| પ્ર. પુરુષ :- | **We shall be walking : -** | અમે ચાલતાં હોઈશુ . |
| બી. પુરુષ : - | **You will be walking : -** | તમે ચાલતા હશો . |
| ત્રી. પુરુષ : - | **They will be walking : -** | તેઓ ચાલતાં હશે . |

( પુરૂષ , સ્ત્રી , નાન્યતર )

## હકારાત્મક વાકય : -

હકારાત્મક વાક્યોમાં સર્વપ્રથમ કર્તાની અંગ્રેજી તેનાં પછી **to be** ક્રીયાપદનું કર્તા પ્રમાણે ભવિષ્યકાળનું રૂપ **shall be** કે **will be** મૂકવામાંઆવે છે ત્યાર બાદ મુખ્ય ક્રીયાપદનું - **ing**વાળું રૂપ મૂકવામાં આવે છે ત્યારબાદ અન્ય વાક્યોની અંગ્રેજી કરવામાં આવે છે .

( 1 ) કાલે તમે મુસાફરી કરતા હશો .

**You will be travelling tomorrow .**

( 2 ) કાલે હું ૬ વાગ્યા સુધી રમતો હોઈશ .

**I shall be playing till six tomorrow .**

( 3 ) છોકરાઓ કાલે આ વખતે પતંગ ચગાવતા હશે .

**The boys will be flying kites tomorrow at this time .**

( 4 ) સવારે ગાયો ખેતરમાં ચરતી હશે .

**The cows will be grazing in the field in the morning .**

( 5 ) કાલે આ વખતે તમે કામ કરતા હશો .

**You will be working at this time tomorrow .**

( 6 ) માળી ઝાડને પાણી પાતો હશે .

**The gardener will be watering the trees .**

## નકારાત્મક વાકય : -

નકારાત્મક વાક્યોમાં સર્વપ્રથમ કર્તાની અંગ્રેજી ત્યાર બાદ **To be** ક્રીયાપદનું કર્તા પ્રમાણે ભવિષ્યકાળનું રૂપ **shall** કે **will** મૂકવામાં આવે છેત્યાર બાદ **not** અને તેનાં પછી **be** મૂકવામાં આવે છે.ત્યાર બાદ મુખ્યક્રીયાપદનું - **ing**વાળું રૂપ મૂકવામાં આવે છે અને ત્યાર બાદ અન્ય વાક્યોની અંગ્રેજી કરવામાં આવે છે .

( 1 ) કાલે તમે મુસાફરી કરતા હશો .

**You will be travelling tomorrow .**

કાલે તમે મુસાફરી કરતા હશો નહી .

www.shikshansahitya.in

**You will not be travelling tomorrow .**

( 2 ) કાલે હું ૬ વાગ્યા સુધી રમતો હોઈશ .

**I shall be playing till six tomorrow .**

કાલે હું ૬ વાગ્યા સુધી રમતો હોઈશ નહી .

**I shall not be playing till six tomorrow .**

( 3 ) છોકરાઓ કાલે આ વખતે પતંગ ચગાવતા હશે .

**The boys will be flying kites tomorrow at this time .**

છોકરાઓ કાલે આ વખતે પતંગ ચગાવતા હશે નહી .

**The boys will not be flying kites tomorrow at this time .**

( 4 ) સવારે ગાયો ખેતરમાં ચરતી હશે .

**The cows will be grazing in the field in the morning .**

સવારે ગાયો ખેતરમાં ચરતી હશે નહી .

**The cows will not be grazing in the field in the morning .**

( 5 ) કાલે આ વખતે તમે કામ કરતા હશો .

**You will be working at this time tomorrow .**

કાલે આ વખતે તમે કામ કરતા હશો નહી .

**You will not be working at this time tomorrow.**

( 6 ) માળી ઝાડને પાણી પાતો હશે .

**The gardener will be watering the trees .**

માળી ઝાડને પાણી પાતો હશે નહી .

**The gardener will not be watering the trees .**

## પ્રશ્નાર્થક વાક્યો : -

જયારે પ્રશ્નાર્થક શબ્દ " શું " વાકયની શરૂઆતમાં આવે ત્યારે સર્વપ્રથમ **to be** ક્રીયાપદનું કર્તા પ્રમાણે ભવિષ્ય કાળનું રૂપ**shall** કે **will** મૂકવામાંઆવે છે ત્યાર બાદ કર્તાની અંગ્રેજી અને તેનાં પછી **be** મૂકવામાં આવે છે ત્યારબાદ મુખ્ય ક્રીયાપદનું - **ing** વાળું રૂપ મૂકવામાં આવે છે અને તેનાં પછી અન્ય વાક્યોની અંગ્રેજી કરવામાં આવે છે .

( 1 ) કાલે આ વખતે દરજી કપડાં સીવતો હશે .

www.shikshansahitya.in

**The tailor will be sewing clothes at this time tomorrow .**

શું કાલે આ વખતે દરજી કપડાં સીવતો હશે ?

**Will the tailor be sewing clothes at this time tomorrow ?**

( 2 ) માળી ઝાડને પાણી પાતો હશે .

**The gardener will be watering the trees .**

શું માળી ઝાડને પાણી પાતો હશે ?

**Will the gardener be watering the trees ?**

( 3 ) કાલે હું મુસાફરી કરતો હોઈશ.

**I shall be travelling tomorrow .**

શું કાલે હું મુસાફરી કરતો હોઈશ ?

**Shall I be travelling tomorrow ?**

( 4 ) કાલે હું ૬ વાગ્યા સુધી રમતો હોઈશ .

**I shall be playing till six tomorrow .**

શું કાલે હું ૬ વાગ્યા સુધી રમતો હોઈશ ?

**Shall I be playing till six tomorrow ?**

( 5 ) સાંજે તમે ફરવા જતા હશો .

**You will be going for a walk in the evening .**

શું સાંજે તમે ફરવા જતા હશો ?

**Will you be going for a walk in the evening ?**

પરંતુ જયારે " શું " , " કયારે " , " કયા " , " શા માટે " , અને " કેવી રીતે " જેવા પ્રશ્નાર્થક શબ્દો વાક્યોની વચ્ચે આવે ત્યારે સર્વપ્રથમ પ્રશ્નાર્થક શબ્દની અંગ્રેજી કરવામાં આવે છે .ત્યાર બાદ **to be** ક્રીયાપદનું કર્તા પ્રમાણે ભવિષ્ય કાળનું રૂપ **shall** કે **will** મૂકવામાં આવે છે , તેનાં પછી કર્તાની અંગ્રેજી અને ત્યાર બાદ **be** મૂકવામાં આવે છે. તેનાં પછી ક્રીયાપદનું - **ing** વાળું રૂપ મૂકવામાં આવે છે તેનાં પછી અન્ય વાક્યોની અંગ્રેજી કરવામાં આવે છે .

( 1 ) અમે મંદીરમાં ઈશ્વરની પ્રાર્થના કરતા હોઈશું .

**We shall be praying to God in the temple .**

અમે મંદીરમાં ઈશ્વરની પ્રાર્થના શા માટે કરતા હોઈશું ?

**Why shall we be praying to God in the temples ?**

www.shikshansahitya.in

www.shikshansahitya.in whatsApp update join 9537116773 add in your group

( 2 ) છ વાગે બાળકો આમતેમ દોડતા હશે .

**The children will be running here and there at six o'clock .**

છ વાગે બાળકો આમતેમ ક્યાં દોડતા હશે ?

**Where will the children be running here and there at six o'clock ?**

( 3 ) અમારા શિક્ષક કાલે આ વખતે છાપું વાંચતા હશે.

**Our teacher will be reading a newspaper at this time tomorrow .**

અમારા શિક્ષક કાલે આ વખતે ક્યાં છાપું વાંચતા હશે?

**Where will our teacher be reading a newspaper at this time tomorrow ?**

( 4 ) માળી ઝાડને પાણી પાતો હશે .

**The gardener will be watering the trees .**

માળી ઝાડને પાણી ક્યારે પાતો હશે ?

**When will the gardener be watering the trees ?**

( 5 ) કાલે તમે મુસાફરી કરતા હશો.

**You will be travelling tomorrow .**

કાલે તમે મુસાફરી કેવી રીતે કરતા હશો?

**How will you be travelling tomorrow ?**

www.shikshansahitya.in

www.shikshansahitya.in

http://examimp.blogspot.in